ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

રાજન શાહ
સેક્રેટરી, આર્ટ લવર્સ
કારોબારી સભ્ય, ગાંધીનગર
કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૫૪૯૪૦

હરસિદ્ધિ મનીષકુમાર જાની
(૨૫-૮-૧૯૯૫) મો. ૮૧૨૮૯ ૬૩૩૦૨

આગામી ૨૩થી ૨૯ નવેમ્બર દરમ્યાન અમદાવાદ ટાઉનહૉલ ખાતે

ગુજરાતી ગઝલને ૧૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ૧૨૫ કલાકારો દ્વારા ગઝલસપ્તાહ ઉજવાશે

'શબ્દશ્રી' દ્વારા કરવામાં આવેલા ભવ્ય આયોજનમાં ગુજરાતી લેખકો, કવિઓ, ગાયકો, ઉદ્‌ઘોષકો, અભિનેતાઓ અને કલાકારો પણ સામેલ થશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતી ગઝલને ૧૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ૧૨૫ કલાકારો આગામી નવેમ્બર માસમાં અમદાવાદ ખાતે એક ભવ્ય ગઝલ સપ્તાહ ઉજવશે, જેમાં ગુજરાતી લેખકો, કવિઓ, ગાયકો, ઉદ્‌ઘોષકો, અભિનેતાઓ અને કલાકારો પણ સામેલ છે.

શબ્દશ્રી સંસ્થા દ્વારા આ ભવ્ય માતૃભાષા મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. કાર્યક્રમ પ્રસંગે આશીર્વચન આપવા માટે પૂ. મોરારિબાપુ તથા રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમ અંગેની વિગતો આપતાં શબ્દશ્રીના સંચાલક હરદ્વાર ગોસ્વામીએ જણાવ્યું છે કે તા. ૨૩થી ૨૯ નવેમ્બર સુધી દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે ટાઉનહૉલ, અમદાવાદ ખાતે આ ગઝળ સપ્તાહ યોજવામાં આવશે.

તા. ૨૩ના રોજ આયોજિત કાર્યક્રમનું શિર્ષક છે : ગમી તે ગઝલ, જેમાં પુરુષોત્તમ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસ, મનહર ઉધાસ, હેમા દેસાઈ, આશિત દેસાઈ, આલાપ દેસાઈ, નિશા કાપડિયા, સોલી કાપડિયા, પાર્થિવ ગોહિલ તથા અન્ય ગાયકો ઉપસ્થિત રહેશે.

તા. ૨૪ના રોજ આયોજિત કાર્યક્રમનું શિર્ષક છે : મુશાયરો, જેમાં જલન માતરી, ખલિલ ધનતેજવી, ચિનુ મોદી, ચીનુ મોદી, હિતેન આનંદપરા, અશોક ચાવડા, ચંદ્રેશ મકવાણા, છાયા ત્રિવેદી, મનિષ પાઠક વગેરે લેખકો ઉપસ્થિત રહેશે.

તા. ૨૫ના રોજ 'ગઝલનો કરીએ ગુલાલ' શિર્ષક અંતર્ગત ગુજરાતી ગઝલના ૧૨૫ વર્ષને આવરી લેતી નાટ્યાત્મક પ્રસ્તુતિ થશે. તા. ૨૬ના રોજ યોગેશ ગઢવી દ્વારા ગઝલકથા તથા ભાગ્યેશ જહા અને રમેશ ઠક્કર દ્વારા શબ્દકથા રજૂ થશે.

તા. ૨૭ના રોજ 'હસાયરો' યોજવામાં આવ્યો છે, જેમાં જગદીશ ત્રિવેદી, સાંઇરામ દવે, વિનય દવે, ગિરગિટ અહેમદાબાદી, કૃષ્ણ દવે, સૌમ્ય જોષી, હરિવદન ભટ્ટ વગેરે ઉપસ્થિત રહેશે. તા. ૨૮ના રોજ આયોજિત 'અંદાઝે બયાં'માં પરેશ રાવલ, મનોજ જોષી, દર્શન જરીવાલા, હિતેનકુમાર, કાજલ ઓઝા-વૈદ્ય, સલીલ મહેતા, ધ્વનિત, દેવકી, નરેશ કનોડિયા, શોભિત દેસાઈ, વિનોદ જોષી, હરીશચંદ્ર જોષી, રિષભ મહેતા, રક્ષા શુક્લ વગેરે ખ્યાત-સાફળ ગુજરાતીઓ ઉપસ્થિત રહેશે.

તા. ૨૯ના રોજ આયોજિત 'ગઝલનો ગુંજારવ' કાર્યક્રમમાં નયનેશ જાની, નયન પંચોલી, પાર્થ ઓઝા, સંજય ઓઝા, બંકિમ પાઠક, કમલેશ આવસત્થી, સચિન લિમયે, જયેશ નાયક, સીમા ત્રિવેદી, મુખ્તાર શાહ, કલ્યાણી કૌઠાળકર, ગાર્ગી વોરા, અતુલ બ્રહ્મભટ્ટ, આરીફ મીર, પંકજ પારેખ, આકાંક્ષા ઓઝા વગેરે ગાયકો ઉપસ્થિત રહેશે.

સમગ્ર સપ્તાહની ઉજવણી દરમ્યાન વિવિધ કાર્યક્રમોમાં શરદ ઠાકર, દિલીપ રાવલ, મુકેશ જોષી, અંકિત ત્રિવેદી, તેજસ મજુમદાર, હરદ્વાર ગોસ્વામી, અશોક ત્રિવેદી વગેરે જાણીતા ઉદ્‌ઘોષકો દ્વારા કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળવામાં આવશે.

જય અંબે મિત્ર મંડળ દ્વારા આયોજિત કાવડયાત્રા ગાંધીનગરને સ્પર્શી ગઈ

ગાંધીનગર, તા. ૨૪

વિશ્વ કલ્યાણ સંસ્થા, અમરનાથ ધામ તથા જય અંબે મિત્ર મંડળ, ઓઢવ દ્વારા ગઈકાલે શ્રી અમરનાથ જલાભિષેક કાવડ પદયાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા સમીસાંજે ગાંધીનગર શહેરને સ્પર્શીને પાવન કરી ગઈ હતી.

૧ હજારથી પણ વધુ શ્રદ્ધાળુઓ ગંગાજળ ભરેલાં કાવડ લઈ આ યાત્રામાં જોડાયા હતા. યાત્રાનો આરંભ શ્રી અમરનાથ ધામના મૅનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ પટેલ, ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ અને જય અંબે મિત્ર મંડળના રઘુવરપ્રસાદ જયસ્વાલે કરાવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે અમદાવાદ પશ્ચિમ વિસ્તારના સાંસદ કિરીટભાઈ સોલંકી, અમદાવાદ શહેરનાં મેયર મીનાક્ષીબેન પટેલ, નિકોલ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જગદીશભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

દિપકભાઈ પટેલે આ યાત્રા વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે 'ગુજરાતમાં અંબાજી અને ડાકોરની પદયાત્રાનું અનોખું મહત્ત્વ છે, પરંતુ દેવાદિદેવ ભગવાન શિવની પદયાત્રાનું સતત બીજા વર્ષે આયોજન કરવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં શિવજીને જલાભિષેકનું અનેરું મહત્ત્વ છે, તેમાંય શ્રાવણ માસના સોમવારે જલાભિષેક કરવાથી મહાદેવને પ્રસન્ન કરીને તેમની કૃપા મેળવવાનો અનોખો લ્હાવો પ્રાપ્ત થાય છે. આ જ આશયથી શ્રાવણ માસના બીજા સોમવારે અમરનાથ ધામમાં સ્થિત ૧૨ જ્યોતિર્લિંગ પર જલાભિષેક કરી શકાય તે માટે આ કાવડયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.' રઘુવરપ્રસાદ જયસ્વાલે જણાવ્યું હતું કે 'ગત વર્ષે આ કાવડયાત્રામાં ૫૦૦ પદયાત્રીઓ જોડાયા હતા અને આ વખતે ૧ હજાર યાત્રીઓ જોડાયા છે, જેઓ એકસરખા ભગવાં વસ્ત્રોમાં સજ્જ હતા અને કુલ બે હજાર જેટલાં કળશ તેમની સાથે હતાં.'

ગઈકાલે સાંજે ગાંધીનગરના ઘ રોડ પરથી પસાર થયેલી આ યાત્રા આજે અમરનાથધામ પહોંચી હતી.

લેઉવા પટેલ સમાજની વેવિશાળ ડિરેક્ટરી અંગે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં વસતા લેઉવા પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે લગ્નસંબંધી વિગતવાર માહિતી ધરાવતી વેવિશાળ ડિરેક્ટરી તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉમેદવારનું નામ, સરનામું,ફોટોગ્રાફ, ફોન નંબર, ઊંચાઈ, વજન, મોસાળપક્ષ તેમજ વ્યવસાયની માહિતીનો સમાવેશ કરવામાં આવશે.

આ ડિરેક્ટરીમાં પોતાનું નામ નોંધાવવા ઇચ્છતા જ્ઞાતિજનોને પોતાની સંપૂર્ણ માહિતી રણછોડ વિદ્યાલય, મવડી મેઇન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે, રાજકોટ ખાતે પહોંચાડવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૯૨૪૦ ૨૩૩૪૪ અથવા ફોન નંબર (૦૨૮૧) ૨૩૬૦૪૬૪ના માધ્યમથી આયોજકોનો સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

ઈન્ફોસિટી સ્કૂલમાં ચિંતનશિબિર

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે તાજેતરમાં અંગ્રેજી માધ્યમના સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે શાળાના સંચાલકોએ ચિંતનશિબિરનું આયોજન કર્યું હતું.

આ શિબિરમાં આગામી પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને પ્રેરણા મળે એવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બૉર્ડની પરીક્ષાની તૈયારી કરાવવામાં વાલીઓ પોતાનું શું યોગદાન આપી શકે તે વિશે આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ડિરેક્ટર શૈલેષ પંડ્યા અને ડો. જયેન્દ્ર પાઠક દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી અને વાલીના સંબંધ વિશે વિશદ્‌ ચર્ચા કરતાં શૈલેષભાઈ પંડ્યાએ મનોવૈજ્ઞાનિક પધ્ધતિએ વિદ્યાર્થીના તણાવ દૂર કેમ કરી શકાય એ વિશે ચર્ચા કરી હતી. ડૉ. પ્રદીપ ગગલાણીએ ચારેય સેમેસ્ટરની મેરીટ કેવી રીતેબને, વધુ સારા માર્ક્સ લાવી સારી ફેકલ્ટીમાં કેવી રીતે જઈ શકાય તે વિશે તલસ્પર્શી માહિતી આપી હતી. વાલીઓનાં સર્જનાત્મક સૂચનો અંગે આભાર વ્યક્ત કરતાં આચાર્ય દ્વારા સહકારની અપેક્ષાએ શિબિરમાં ઉપસ્થિત ૨૦૦ વાલીઓ તથા વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

લેઉવા પાટીદાર સમાજનો રાજકોટમાં પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૨૪

સમસ્ત પાટીદાર લેઉવા પટેલ સમાજ દ્વારા રાજકોટ ખાતે લગ્નોત્સુક યુવક-યુવતિ માટે જીવનસાથી પસંદગી સમારોહનું આયોજન આગામી તા. ૧થી ૭ સપ્ટેમ્બર દરમ્યાન કરવામાં આવ્યું છે.

વિનામૂલ્યે યોજવામાં આવેલા આ પસંદગી મેળામાં ભાગ લેવા માટે ઇચ્છુક યુવક-યુવતિઓને સવારે ૯.૩૦થી બપોરે ૧૨.૩૦ દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગેની વધુ માહિતી માટે પટેલ સમાજ કાર્યાલય, રણછોડ વિદ્યાલય, મવડી મેઇન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે, રાજકોટનો મોબાઈલ નંબર ૯૯૨૪૦ ૨૩૩૪૪ અથવા ફોન નંબર (૦૨૮૧) ૨૩૬૦૪૬૪ના માધ્યમથી સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં દેશભક્તિ-રક્ષાબંધન ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, અંગ્રેજી માધ્યમના સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ અને રક્ષાબંધન ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વર્ગવાર દેશભક્તિ અને ભાઈ-બહેનના પ્રેમભર્યા ગીતો ઉલ્લાસપૂર્વક રજૂ કરી સ્પર્ધાને રંગીન બનાવી હતી.

નિર્ણાયક તરીકે સેવા આપનાર આશાબેન-જયરાજસિંહ સરવૈયાનો પરિચય આપતાં ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ બાળકોને સ્પર્ધામાં ભાગ લેવા બદલ શુભકામનાઓ અર્પણ કરી હતી.

આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ નિર્ણાયકોનું ફૂલહારથી સ્વાગત કરી સ્પર્ધકોને આશીર્વાદ પાઠવ્યા હતા. હિનાબેન ગગલાણીના હસ્તે નિર્ણાયકોને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તુષારભાઈ પરમારે સંભાળ્યું હતું તથા ડિરેક્ટર ડૉ. જયેન્દ્રભાઈ પાઠકે આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમ પ્રસંગે શાળા પરિવાર ઉપરાંત વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આદર્શ નિવાસી કન્યા શાળા રમતોત્સવમાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

શાળાકીય રમતોત્સવ અંતર્ગત ઝોન વિભાગની રમતોમાં આદર્શ નિવાસી શાળા (અજા, કન્યા), સેક્ટર-૮ની વિદ્યાર્થીનીઓએ એથ્લેટીક્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. ૨૦૦ મીટર દોડમાં ઝીબાટુકિયા પુનમ, ચક્કફેંકમાં દુલેરા જ્યોતિ, બરછીફેંકમાં સાધુ જલધારા, ૧૫૦૦ મીટર દોડમાં વાલ્મિકી પાયલ પ્રથમ સ્થાને વિજેતા બન્યાં હતાં. ૮૦૦ મીટર દોડમાં મકવાણા મોના, ૧૫૦૦ મીટર દોડમાં મહેરિયા કુસુમ તથા ૮૦૦ મીટર દોડમાં વાળા દિપીકા દ્વિતિય સ્થાને વિજેતા બન્યાં હતાં. ૪૦૦ મીટર દોડમાં દુલેરા સવિતા તથા તૃતિય ૮૦૦ મીટર દોડમાં સાધુ કિંજલ તૃતિય સ્થાને વિજેતા જાહેર થયાં હતાં. જેમને શાળાનાં આચાર્ય કુસુમબેન ચૌહાણ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

કોઈ સમય ચૂકે તો એને પોતાનું અપમાન સમજવામાં આવે છે

જર્મનીમાં પણ અમિતાભ બચ્ચને અને શાહરૂખ ખાન લોકપ્રિય અદાકારો છે

'જર્મનીમાં સમયપાલનનું મહત્ત્વ ખૂબ છે, લોકો સમયપાલન બાબતે ખૂબ ચૂસ્ત છે, એટલા ચૂસ્ત કે જો કોઈ વ્યક્તિ સમય ચૂકે તો એ બાબતને અહીંના લોકો પોતાનું અપમાન સમજે છે!'

આ શબ્દો છે ગાંધીનગર શહેરના સેક્ટર-૬ બીમાં રહેતી યુવતિ ઝીલ ચોકસીના. ઝીલના પિતા કૌશિકકુમાર સ્વતંત્ર વ્યવસાયી છે અને માતા ડિમ્પલબેન ગૃહિણી. ઝીલ એમની એકની એક દીકરી. બીઇ ઇલેક્ટ્રીકલનો અભ્યાસ એણે વિશ્વકર્મા એન્જિનીયરીંગ કૉલેજ, ચાંદખેડા ખાતે કર્યો. આ કૉલેજ જીટીયુ સંલગ્ન. જીટીયુ તરફથી વિદ્યાર્થીઓને અભ્યાસના ભાગરૂપે જર્મની મોકલવાનું આયોજન થયું, એમાં ગુજરાતભરના ૩૦ વિદ્યાર્થીઓ ને ઇલેક્ટ્રીકલના ૧૦ વિદ્યાર્થીઓ પૈકી ગાંધીનગરના બે વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા : રૂદ્ર અમીન અને ઝીલ ચોકસી.

ગત ૧૩ જૂનથી ૨૮ જુલાઈ દરમ્યાન આ વિદ્યાર્થીઓ જર્મનીમાં રહ્યા ને એમણે ત્યાં અભ્યાસ કર્યો. એ અનુભવ પોતાની જિંદગીનો યાદગાર અનુભવ છે એમ જણાવતાં ઝીલ ઉમેરે છે કે 'સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારે ૮થી બપોરે ૨.૩૦ દરમ્યાન અમે અભ્યાસ કરતા અને ત્યારબાદ સાયકલ પર ફરવા નીકળતા. શ્રમ અને ઈંધણનું મહત્ત્વ લોકો સમજે છે અને એટલે ત્યાં બધે જ સાયકલ વધુ ચાલે છે. ત્યાં તો ટ્રેનમાં પણ સાયકલ લઈ જવાની છૂટ છે, એટલે લોકો ટ્રેનમાંય સાયકલ લઈ જાય છે!'

જર્મનીમાં રહેવામાં ભાષાની તકલીફ ના પડી? એવા સવાલના જવાબમાં ઝીલ જણાવે છે કે 'હા, ભાષાની તકલીફ તો પડતી હતી પરંતુ ત્યાંના લોકો ખૂબ શિસ્તવાળા અને સહકારની ભાવનાવાળા હોવાથી કામ નીકળી જતું હતું.'

'અહીંના લોકો શિસ્ત અને ચોખ્ખાઈના ખૂબ આગ્રહી. એ જ કારણે અહીંનાં શહેરો બિલકુલ સ્વચ્છ અને રસ્તાઓ ઉપર ક્યાંય ટ્રાફિક પોલીસ દેખાય જ નહીં! લોકો જ સ્વયંશિસ્ત પાળે એટલે પોલીસને એ બાજુ જોવાપણું જ ના રહે. અને કદાચ આ જ કારણે જર્મનીમાં સુરક્ષા પણ વધુ છે. અડધી રાત્રે પણ યુવતિઓ-મહિલાઓ કે એકલ-દોકલ વ્યક્તિ નિર્ભિકપણે ફરી શકે એટલી સુરક્ષા ત્યાંના વાતાવરણમાં અમે અનુભવી છે.'

'દુનિયામાં ગમે ત્યાં જાઓ, ગુજરાત યાદ આવે જ અને ગુજરાતી તમને દુનિયાના છેડામાંય જોવા મળે, એવો કોઈ અનુભવ?' એ સવાલના જવાબમાં ઝીલ ઉત્સાહથી જવાબ આપે છે કે 'હા. એ વાત સાવ સાચી. ગુજરાતી તો બધે હોય જ. અમે બર્લિન કે પૅરિસ ફરવા ગયા તો ત્યાંના મુલાકાતીઓમાં ગુજરાતીઓની સંખ્યા ઉલ્લેખનીય હતી. એમાંય ઍફિલ ટાવરની મુલાકાતે ગયા તો ત્યાં આવેલા મુલાકાતીઓ પૈકી ૭૦ ટકા વસતી ગુજરાતીઓની હતી! અમે તો ખુશીથી ઉછળી પડ્યા ને



વાત-વાતમાં
કુંતલ નિમાવત

એમની સાથે ભરપેટ વાતો પણ કરી. હૅમ્બર્ગ શહેરમાં મૂળ રાજકોટના હોય એવા ઘણા વ્યક્તિઓ મળ્યા, જેમને મળીને ખૂબ આનંદ થયો.

ઘણા ગુજરાતીઓ, હિન્દુસ્તાનીઓ જર્મનીમાં વસે પણ છે અને એટલે જ ત્યાં ઇન્ડિયન માર્કેટ નિયમિત ભરાય છે, જેમાં હિન્દુસ્તાન ઉપરાંત પાકિસ્તાન મૂળનાં લોકો પણ ભાગ લે છે. અલબત્ત, ત્યાં ભાઈચારો ખૂબ છે. હિન્દુસ્તાની કે પાકિસ્તાની અથવા હિન્દુ કે મુસ્લિમ એવા કોઈ ભેદ નથી. અનેક સ્થાને અમને એવું જોવા મળ્યું કે હૉટલ પાકિસ્તાન મૂળના વ્યક્તિની હોય અને તેમાં મુખ્ય શેફ તરીકે પંજાબી કામ કરતા હોય.'

જર્મનીના શિક્ષણ અંગે વાત કરતાં ઝીલ જણાવે છે કે 'ત્યાંના શિક્ષણમાં પ્રૅક્ટીકલ ઍજ્યુકેશન ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે અને પ્રૉફેસર્સ એ વિદ્યાર્થીઓ સાથે મિત્રભાવનાથી વર્તે છે. એ કારણે વિદ્યાર્થીઓ અને પ્રૉફેસર્સમાં ઝાઝું અંતર દેખાતું નથી ને વિદ્યાર્થીઓની પ્રગતિ પણ ઉડીને આંખે વળગે એવી હોય છે. ત્યાં દુનિયાભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ પૈકી થાઈલૅન્ડની 'જો' અને ચીનની 'હ્યુશાંગ' સાથે મારે મિત્રતા થઈ ગઈ છે.'

જર્મનીમાં આયોજિત 'ઇન્ડિયન ઇવનીંગ' એ પોતાના માટે આનંદનો અવસર હતો એમ જણાવતાં ઝીલ જણાવે છે કે 'ઇન્ડિયન ઇવનીંગમાં બધું જ ઇન્ડિયન હતું - લોકો, પહેરવેશ, વાતાવરણ અને ભોજન પણ. જર્મનીમાં બેઠા-બેઠા ભારતીય દાળ-ભાત કે તંદુરી રોટી ખાવા મળી એથી તો જલસા પડી ગયા!'

'જર્મનીમાં યુવા વર્ગ ઓછો છે અને જે છે તે પણ બહુ મળતાવડો છે. દુનિયામાંથી અહીં આવતા લોકો સાથે અહીંનો યુવા વર્ગ બહુ ઝડપથી ભળી જાય છે. અહીં સ્ટ્રીટ શૉપ નથી, બધે જ બ્રાન્ડેડ શૉપ છે અને લોકો બ્રાન્ડેડ વસ્તુની ખરીદી કરવામાં જ માને છે. અને હા, ભારતીય ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન જર્મનીના લોકો માટે પણ પ્રિય અદાકાર છે. એમની બધી જ ફિલ્મો અહીં બહુ જોવાય છે.'

જર્મનીનો અનુભવ પોતાના માટે સુખરૂપ રહ્યો હોવા છતાં ઝીલને ત્યાં રહેવાની કે કેરિયર બનાવવાની ઇચ્છા ન થઈ. તેનું ધ્યેય છે ભારતમાં જ રહીને આઇઆઇટીમાં અભ્યાસ કરવો. તે ૨૦૧૪થી ફ્રેન્ચ ભાષા પણ શીખી રહી છે. અને તેનું તથા તેના માતા-પિતાનું દૃઢપણે માનવું છે કે અભ્યાસ કે કેરિયર માટે વિદેશ જવું એ સારી બાબત છે. પરંતુ, વિદેશ જાઓ તો જ કેરિયર બને એવું હવે નથી રહ્યું. આપણા દેશમાં પણ સારી તકો છે. 'અને હું આવી જ તકનો ઉપયોગ કરી અહીં જ મારી કેરિયર બનાવવા માગુ છું' એમ ઝીલ ગર્વપૂર્વક જણાવે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા છઠ્ઠો સરસ્વતી સન્માન સમારોહ ખીમજી વસરામ હૉલ ખાતે રવિવારે યોજાયો હતો. કેજીથી પીજી સુધીના ૨૦૭ વિદ્યાર્થીઓને પારિતોષિક આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સપ્તાહ પહેલાં સંસ્થા દ્વારા આયોજિત નારી ઉત્સવની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલાં બહેનોને ઇનામો પણ આ કાર્યક્રમ અંતર્ગત એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે અતિથિ તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના ચૅરમૅન મહેન્દ્ર ત્રિવેદી, વેસ્ટર્ન એરિયા સીડ્ઝના મૅનેજિંગ ડિરેક્ટર એન પી પટેલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ પ્રદીપ ગગલાણી, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ, જાણીતા બિલ્ડર કેતનભાઈ ધોળુ તથા જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ લતાબેન ચોકસી ઉપસ્થિત રહ્યાં હતાં.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઑલ ઇઝ વૅલ
૯.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨
ઑલ ઇઝ વૅલ
૧૨.૪૫, ૩.૩૦
માંઝી
૭.૦૦
બ્રધર્સ
૧૦.૦૦
સ્ક્રીન-૩
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
ફેન્ટાસ્ટીક ફોર (અંગ્રજી)
૩.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪
દૃશ્યમ
૧.૦૦, ૧૦.૦૦
માંઝી
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૩.૪૫
સ્ક્રીન-૫
ઑલ ઇઝ વૅલ
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૧૨.૩૦, ૬.૪૫
માંઝી
૪.૦૦, ૧૦.૦૦

સિનેમેક્સ

સ્ક્રીન-૧
ઑલ ઇઝ વૅલ
સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
સ્ક્રીન-૨
માંઝી : ધ માઉન્ટેન મૅન
સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦
સ્ક્રીન-૩
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
સવારે ૯.૪૫
બજરંગી ભાઈજાન
૧૨.૦૦
દૃશ્યમ
૩.૧૦, ૯.૫૦
બાહુબલિ
૬.૩૦
સ્ક્રીન-૪
બ્રધર્સ
૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
મિશન ઇમ્પોસિબલ (હિન્દી)
૧૨.૪૫, ૭.૧૫